બેંક રોડ સુમસામ - દેશવ્યાપી બેંક કર્મચારીઓની હડતાલના પગલે ગાંધીનગરની તમામ રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓએ બે દિવસની હડતાલનો પ્રારંભ કરતા ઘ-૪ થી ઘ-૫નો ધમધમતો બેંક માર્ગ આજે સુમસામ જણાતો હતો. છાસવારે બેંક કર્મચારીઓની હડતાલથી કરોડો રૂપિયાના નાણાંકીય વ્યવહારો અટવાય જાય છે. સામાન્ય ગ્રાહકોથી લઈ મોટા ઉદ્યોગપતિઓ બેંક હડતાલથી ભારે પરેશાન થાય છે.... આમ છતાં દર બે મહિને પડતી હડતાલથી બેંકના ગ્રાહકોમાં ગણગણાટ થાય છે... (તસવીર : દિપક જાની)

ગુડાની નવી નીતિથી આમ આદમીને ફાયદો

આગામી સમયમાં તોતિંગ મકાનભાડુ પણ સસ્તુ થશે

ગાંધીનગર, તા. ૧૦

ગુડાની પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૨૪ અન્વયે ગુડા વિસ્તારમાં નવા સેક્ટરોનું નિર્માણ કરવામાં આવનાર છે. જ્યારે શહેરી વિસ્તારમાં સ્થિત સેક્ટરોમાં પણ બાંધકામક્ષેત્રે એફ.એમ.આઈ. વધારી છૂટછાટ આપવાનો નિર્ણય લેવાતા ભાવિ સમયમાં આમઆદમીને માથે છત મેળવવાનું સસ્તુ અને સરળ બનશે. શહેરમાં હાલ તોતિંગ મકાનભાડુ વસુલવામાં આવે છે. આ ઉપરાંત જમીન મકાનના ભાવ પણ આસમાને છે. આવા સંજોગોમાં બાંધકામના નિયમોમાં નોંધપાત્ર સુધારો થતાં કોમનમેનને ફાયદો થશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી દાયકાને ધ્યાને લઈ શહેર તેમજ ગુડા વિસ્તારમાં વિકાસના નવતર અભિગમનો અમલ કરવા માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. આ અન્વયે ગાંધીનગરનો પણ નવો વિકાસ નકશો તૈયાર કરી દેવાયો છે.

નવા જી.ડી.સી.આર. મુજબ એફ.એમ.આઈ. વધારી દરેક નાગરિકને ચાર્જ વિના વધુ એક માળ બાંધવાની મંજુરી આપવામાં આવી છે. જ્યારે નાના પ્લોટ ધારકોને પણ ભેગા મળી ૨૬૦ ચો.મી. વિસ્તારમાં પાંચ માળ સુધીનું બાંધકામ કરવા મંજુરી આપવાનો નિર્ણય લેવાયો છે. બીજીતરફ શહેરમાં વધુ ૮ હજાર મકાનો બાંધી શકાય તેવું આયોજન પણ સમાવી લેવાયું છે. જેના પરિણામે બાંધકામક્ષેત્રે વિશિષ્ટ પ્રગતિ થવાની સાથે નવી ડિઝાઈન પણ ઉપલબ્ધ થશે જ્યારે મૂળભૂત રીતે આ સઘળા આયોજનનો કોમનમેનને વિશેષ ફાયદો થશે. શહેરમાં બાંધકામના નિયમોમાં વધુ છૂટછાટ મળતા રહેણાંક અને કોમર્શિયલ ક્ષેત્રે આમ નાગરિકોની જરૂરીયાત વધુ સરળતાથી સંતોષી શકાશે. શહેરમાં બાંધકામની સાથે મકાનોની સંખ્યા વધતા આમનાગરિકોને વસવાટ માટે તોતિંગ ભાડુ ચુકવવુ નહી પડે. જ્યારે સામાન્ય માણસને રહેવા માટે સરળતાપૂર્વક માથે છત મળી રહેશે. જ્યારે કોમર્શિયલ બિલ્ડીંગને પણ હાઈરાઈઝ બનાવવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવાતા ધંધા-વેપાર માટે પણ સાનુકૂળતા ઉભી થશે. આગામી દિવસોમાં શહેરમાં વિકાસના નવતર અભિગમ સાથે સામાન્ય માણસની જરૂરીયાત સંતોષાશે.

અંબોડમાં અશ્વમેળાનો આરંભ

પ્રથમ દિવસે ૩૪ જેટલા અશ્વસવારોએ ભાગ લીધો : રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશના અશ્વો પહોંચ્યા : મારવાડી અને કાઠિયાવાડીના અશ્વો આકર્ષણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના અંબોડ ખાતે રાજ્યના સૌથી મોટી અશ્વશોનો આજથી પ્રારંભ થયો હતો જેમાં પ્રથમ દિવસે ૩૪ જેટલા અશ્વસવારોએ ભાગ લીધો હતો. કોમ્પિટિશનના જજ દ્વારા ફ્લેગ ઓફ કરીને આ કોમ્પિટિશનની શરૂઆત કરાઈ હતી.

જેમાં દેશના રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યના અશ્વો ભાગ લઈ રહ્યો છે ત્યારે આ અશ્વશોમા મારવાડી, કાઠિયાવાડી અને થોરો જાતના પાણીદાર અશ્વો પોતાની કાબેલીયત બતાવી હતી તેમજ આગળ પણ બતાવશે. કોમ્પિટીશનના પ્રથમ દિવસે ૩૪ જેટલા અશઅવવારોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની કાબેલીયત બતાવી હતી. કોમ્પિટિશનના પ્રથમ દિવસે ૪૦,૮૧ અને ૧૨૦ કિલોમીટરની દોડ યોજાઈ હતી. જેમાની ૧૨૦ કિલોમીટરની ઈન્ટરનેશનલ દોડ કોમ્પ્ટિશન ગુજરાતમાં પ્રથમ વખત યોજવામાં આવી છે જેમાં ૧૨ જેટલા અશ્વ સવારોએ ભાગ લીધો હતો. દરેક દોડમાં ૨૦ કિલોમીટરના રાઉન્ડ રાખવામાં આવ્યા છે. એક રાઉન્ડ પુરૂં ખર્યા બાદ અશવને ઠંડો પાડવા તેની માલીસ અને ભોજન માટે સમય

(તસવીર : નિકેશ બારોટ)

● અનુસંધાન પાન-૭ પર

મહાત્મા મંદિરમાં કેબલ સ્ટેડ બ્રિજ અને આધુનિક મ્યુઝિયમ બનાવાશે

ફેઈઝ-૨ બીનું કામ હવે શરૂ થશે : ૧૯૦ કરોડ ખર્ચાશે કન્વેશન સેન્ટર-સોલ્ટમાઉન્ટને જોડતો બ્રિજ 'ખ' માર્ગ પરથી નીકળશે

ગાંધીનગર, તા.૧૦

મહાત્મા મંદિર ખાતે ફેઈઝ-૨બીનું કામ હવે શરૂ થશે. વિશિષ્ટ પ્રકારનો કેબલ સ્ટેડ બ્રિજ બાંધવામાં આવશે. કન્વેકશન સેન્ટરથી સોલ્ટ માઉન્ટને જોડતા આ બ્રિજને રાહદારીઓ માટે 'ખ' માર્ગ પરથી જોડાણ અપાશે. આ ઉપરાંત સોલ્ટ માઉન્ટમાં ભવ્ય અને આત્યાધુનિક મ્યુઝિયમનું નિર્માણ કરાશે. ફેઈઝ-૨બીની કાર્યયોજના પાછળ રૂ. ૧૯૦ કરોડનો તોતિંગ ખર્ચ થશે.

નગરની આગવી ઓળખ સમા ઐતિહાસિક મહાત્મા મંદિરના નિર્માણ પાછળ કરોડો રૂપિયો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરના અન્ય વિસ્તારમાં ગ-૪ થી ચ-૪ વચ્ચે સ્વર્ણિમ પાર્કનો ડ્રીમ પ્રોજેકટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. જયારે સ્વર્ણિમ પાર્કની આગળના વિસ્તારમાં શરૂઆતમાં મહાત્મા મંદિરના નિર્માણની સાથે સંલગ્ન પ્રોજેકટનું તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. મહાત્મા મંદિરને અનુલક્ષી ફેઈઝ-૨ એ અન્વયે મોટા ભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચાલુ મહિનાના અંત સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. ફેઈઝ-૨ એ અન્વયે મહાત્મા મંદિરના એરિયામાં ભવ્ય ગાંધી ગાર્ડન અને સોલ્ટ માઉન્ટનું કામ પૂર્ણ કરી દેવાયું છે. આ ઉપરાંત 'ખ' માર્ગને કર્વેચર આપવાની કામગીરી પણ થઈ છે. ભવ્ય સોલ્ટ માઉન્ટ નમૂનારૂપ અને આકર્ષક બનાવવા માટે જહેમત ઉઠાવવામાં આવી છે. જયારે હરિયાળા ગાંધી ગાર્ડનમાં પણ અનેક આર્કષણો ઉભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મુલાકાતીઓ માટે અલાયદા પાર્કીંગ પ્લેસ ઉભા કરાયા છે. ફેઈઝ-૨એ ની કામગીરીના અંતે ટૂંક સમયમાં જ ફેઈઝ-૨-બીનું કામ શરુ કરી દેવાશે. આ કાર્યયોજનાને અનુલક્ષી રૂ. ૧૯૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ યોજના અન્વયે નમૂનારૂપ કેબલ સ્ટેડ બ્રિજ બનાવવામાં આવશે. વિવિધ ઠેકાણે પવનચક્કી લગાવાશે. કન્વેકશન સેન્ટરથી લઈ સોલ્ટ માઉન્ટને જોડતો આ બ્રિજ 'ખ' માર્ગ પરથી નીકળશે. જેથી રાહદારીઓ માટે પણ ઉપયોગી નીવડશે. આ ઉપરાંત સોલ્ડ માઉન્ટમાં મ્યુઝિયમ બનાવાશે. મલ્ટીમિડિયા અને લેસર ટેકનોલોજીથી સજ્જ અત્યાધુનિક મ્યુઝિયમમાં ગાંધીજીના જીવન આધારિત વૈવિધ્યસભર નઝારો જોવા મળશે.

કોબા ખાતે નવનિર્મિત કાર્યાલયનો મંગલ પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાજપના નવનિર્મિત પ્રદેશ કાર્યાલય કમલમનુંઉદ્ઘાટન તથા મંગળ પ્રવેશ પ્રસંગે હાજરી આપી હતી અને કહ્યુંહતુંકે, કેંગ્રેસના કુકર્મોના કારણે દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે. દેશનો પ્રત્યેક નાગરીક વર્તમાન પરિસ્થિતિને બદલવા કટીબદ્ધ છે. વર્ષ ૨૦૧૪ની ચુંટણીઓ ભવ્ય દિવ્ય ભારતના નિર્માણનું બીજારોપણ છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીને આજની

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : નિકેશ બારોટ)

એકવીસ લાખની ઘોડી - ગાંધીનગર નજીક અંબોડ ગામે આયોજીત અશ્વમેળામાં મધ્યપ્રદેશથી આવેલ વેપારી હુકમસિંહ રોનક નામનો 'પંચ કલ્યાણી' અશ્વ લઈ મેળામાં આવ્યા છે. આ પંચ કલ્યાણી અઢી વર્ષની ઉંમરના અશ્વની કિંમત ૨૧ લાખ રાખવામાં આવી છે. આ અશ્વને નિહાળવા અશ્વ પ્રેમીઓ ઉમટી રહ્યા છે.

પંડ્યા-પટેલની લડાયક રમત બાદ પણ મેયરની ટીમ ૨૦ રને હારી

સુરત ખાતે મેયરકપ ટુર્નામેન્ટમાં સુરતની ટીમ સામે ગાંધીનગરનો પરાજય

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની મેયરની ટીમમાંથી હર્ષજીત પંડ્યા અને રાકેશ પટેલની લડાયક રમત બાદ પણ ૨૦ રને પરાજય થયો છે.

ગાંધીનગર મેયરની ટીમે મેયરકપ ટુર્નામેન્ટમાં ટોસ જીતી સુરત મેયરની ટીમને દાવ આપ્યો હતો. ૧૮ ઓવર સુધી રમત પર પકડ ધરાવનાર ગાંધીનગરની ટીમની છેલ્લી બે ઓવરમાં ૩૬ જેટલા રન ફટકારી સુરતની ટીમે ૧૪૫ રનનો જુમલો ખડક્યો હતો.

ગાંધીનગરની ટીમે દાવનો આરંભ નબળો કર્યો હતો. જો કે હર્ષજીત પંડ્યાએ એક છેડો જાળવી શાનદાર ૬૭ રન નોંધાવ્યા હતા. એક તબક્કે રાકેશ પટેલ અને પંડ્યાની જોડીએ વિજયની આશા જન્માવી હતી પરંતુ પટેલ આઉટ થતાં પંડ્યાને અન્ય ખેલાડીઓ તરફથી સાથ મળ્યો ન હતો.

શ્રી હર્ષજીત પંડ્યા ૧૮મી ઓવરના અંતે ૧૯મી ઓવરમાં આઉટ થતાં ટીમની આશા સમેટાઈ ગઈ હતી.

મેયરની ટીમ લડાયક ૧૨૫ રનનો સ્કોર નોંધાવ્યો હતો. અત્યંત રસપ્રદ બનેલી આ મેચની નોંધ આયોજકોએ પણ લીધી હતી. અને ગાંધીનગર ટીમની લડાયકતાને બિરદાવી હતી.

કોબા ખાતે ભાવનગરના ભાજપ અગ્રણીને હૃદયરોગનો હુમલો થતા ગાંધીનગર સિવિલમાં ખસેડાયા

ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્‌ના ઉદ્‌ઘાટનમાં આવેલ બક્ષીપંચના અગ્રણીને કાર્યક્રમ દરમિયાન જ હૃદયરોગનો હુમલો થતા દોડધામ મચી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના કોબા ખાતે આજે ભાજપના શ્રી કમલમ કાર્યાલયના શુભારંભ પ્રસંગે ભાવનગરના ઓ.બી.સી. લીગલ સેલના અગ્રણીની અચાનક તબિયત લથડતા સી.એમ. મેડીકલ ટીમની દેખરેખમાં કોબાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર ગાંધીનગર કોબા માર્ગ પર આજે કોબા પાસે ભાજપના નવીન કાર્યાલય શ્રી કમલમનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત ભરમાંથી મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ પ્રસંગે ભાવનગર ઓ.બી.સી. સેલના અગ્રણી કાર્યકર હાજરી આપવા આવ્યા હતા. જેઓની કાર્યક્રમ દરમિયાન અચાનક તબીયત લથડતા હાલત નાજુક બનવા પામી હતી. પરિણામે સી.એમ.ની મેડીકલ ટીમના તબીબો દોડી આવ્યા હતા અને અગ્રણીની શારિરીક તપાસ કરી હતી. પરંતુ તેમની હાલત વધુ ગંભીર જણાતા તેઓને સી.એમ.ની મેડીકલ ટીમના તબીબોએ તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલમાં મોકલી આપ્યા હતા જયાં વેન્ટીલેટરથી સારવાર આપવામાં આવી હતી તેમજ છતાં હાલત વધુ ને વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર અર્થે એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં તબીબો દ્વારા તપાસ કરતા અગ્રણીને ડાયાબિટીશ હોવાનું જાણવા મળ્યું હતું. આથી તબીબોએ આ હૃદયરોગનો હુમલો હોવાનું જણાવ્યું હતું. અગ્રણીની તબિયતને લઈ મુખ્યમંત્રીએ પણ ટેલિફોન કરી તેમના ખબર અંતર પુછયા હતા.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com